સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

આતંક ઓથે સૈન્યનું મોટું કમઠાણ છે
કાશ્મીરી સ્વર્ગ હવે મોટું સમરાંગણ છે
સ્મશાન થયું છે ખૂટલ પ્રજાના દગાથી -
પથ્થરાવ નથી, યુદ્ધનું મોટું રમખાણ છે

હાઈકુ

ખાય છે માર
પ્રજાનો ને સીમાડે -
બિચારી સેના !

અપનેવાલે !
જે જેનો તે તેમના -
ગ્યું હાથોહાથ!!

ચિંતન

अथये सहिता वृक्षाः संघशः सुप्रतिष्ठिता : ।
ते हि शीघ्रतमान् वातान् सहन्तेऽन्योन्यसंश्रयात् ॥

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

જે વૃક્ષો એક સાથે સમૂહમાં સુપ્રતિષ્ઠિત (મજબૂત મૂળવાળાં, સ્થિર) થયાં છે, તે વૃક્ષો એકબીજાના આશ્રયથી અતિ તેજ (વેગીલા) પવનને પણ સહન કરી શકે છે.

સંઘબળથી ગમે તેવી આપત્તિમાં પણ સુસ્થિર રહી શકાય છે. કૌરવ-પાંડવો એ આવી સંઘશક્તિ કેળવવી જોઈએ એવો ગુઢાર્થ આ શ્લોકમાં સમાયેલ છે.

દેશની તમામ જ્ઞાતિ-જાતિ-સમાજો રાષ્ટ્રભાવનાથી એક હોય, બધાં જૂથ-સંગઠનો પક્ષના સિદ્ધાંત અને રાષ્ટ્રના ઉત્થાનના ધ્યેયથી એક હોય તો જ રાષ્ટ્ર સંગઠિત-મજબૂત બને.

સુવિચાર

- સોગંદ ખાવા એટલે ભાગી જવું અને લડવું એ બે વચ્ચે સમાધાન - **ફાધર વર્ગીસ**
- સૂર્યપ્રકાશ તો ઉકરડા પર પણ પડે છે છતાં કલંકિત થતો નથી - **ઈટાલીયન કહેવત**
- હિંદુ ધર્મ એ કોઈ સંકુચિત ધર્મવાચક શબ્દ નથી,
  હિંદુ ધર્મ એ માણસને ઈશ્વર તરીકે ચાહવાનો આનંદ કેવો છે તે દેખાડે છે - **વિવેકાનંદ**
- જે લોકો આપણે સંઘર્ષ કરતા જોયા હોય એમને આપણી સફળતાની સાચી કિંમત હોય છે,
  બાકીના લોકો આપણને નસીબદાર માનતા હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈશ્વરને મંદિર કરતા માણસનું હૃદય વધારે ગમે છે,
  કારણ કે મંદિરમાં તો માણસનું ચાલે છે જયારે હૃદયમાં ઈશ્વરનું ચાલે છે - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : પંદર વીસ મિનિટ બરફ ખીલ પર લગાવવાથી ખીલ મટે છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

શિષ્ય એ ગુરુને પૂછ્યું 'લોકો એવું પુછે છે કે સત્સંગની અસર કેમ થતી નથી?' ગુરુએ કહ્યું, 'આ ઘડો લઈને જા અને એમાં મદિરા ભરી લઈ આવ' શિષ્ય વિચારતો જ રહ્યો. પણ આજ્ઞાનું પાલન કરવા મદિરા લાવ્યો. ગુરુએ કહ્યું, 'આ ઘડો ભરીને મદીરા પી જાવ, પણ ધ્યાન એ રાખવાનું કે એક પણ ઘુંટડો ગળામાં નહીં ઉતારવાનો, કોગળો કરી થૂંકી જ નાખવાનું.'' શિષ્યે એમ કર્યું, ઘડો ખાલી થઈ ગયો. ગુરુએ પુછ્યું, 'તને નશો ચડ્યો ?' શિષ્યે કહ્યું, 'ના નશો નથી ચડ્યો.'

ગુરુએ કહ્યું, 'ભાઈ નશો તો તો જ ચડત જો તે મદિરા ગળામાં ઉતારી હોય, સત્સંગનું પણ એવું જ છે, લોકો ઉપર ઉપરથી સાંભળી લે છે, પણ ગળાની નીચે ઉતરતું જ નથી, વ્યવહારમાં પણ નથી આવતું. સત્સંગને ખાલી સાંભળવાનું નથી. મનની ઊંડાઈથી સાંભળવું, એક એક વાક્ય હૃદયમાં ઉતારવું અને એનું આચરણ પણ કરવું. તો સત્સંગની અસર થઈ ગણાય.' શિષ્યે ગુરુને દંડવત કર્યા.

ક્રૂરતાનો નગ્ન નાચ : વિનાશકાળે વિપરીત બુદ્ધિ

કેન્દ્ર સરકારના પશુ સંરક્ષણ કાયદાના વિરોધમાં કેરળના ડાબેરી આગેવાનો ઉપરાંત કોંગ્રેસી કાર્યકરોએ પણ બીફ પાર્ટી યોજી અને કતલ કરાયેલ પશુનું માથું લઈને સરઘસ કાઢ્યું તે ખરેખર કોઈ પણ સંસ્કૃતિને ન શોભે એવી ક્રૂર ઘટના છે. ભારતીય સંસ્કૃતિ તો 'જીવો અને જીવવા દો' સિદ્ધાંતને વરેલી છે. પશુઓ પર ક્રૂરતા આચરવી એ જઘન્ય કૃત્ય છે. એ જુદી વાત છે કે વિવિધરંગી વિચારધારાઓ અને ધર્મસંપ્રદાયોમાં વહેંચાયેલી આ દેશની પ્રજાના આહારવિહાર અને ભોજનપ્રથાઓ વચ્ચે આસમાન જમીનનું અંતર છે. હિંદુ ધર્મમાં અહિંસાનો મહિમા જરૂર થતો રહ્યો છે પણ ગુજરાત અને રાજસ્થાન જૈન ધર્મના પ્રભાવ હેઠળના પ્રદેશો કે વૈષ્ણવ સંપ્રદાયોના અનુયાયીઓ સિવાયનાં હિંદુઓ છૂટથી માંસાહાર કરતા રહે છે. ફક્ત પવિત્ર ગૌમાતા પૂરતો જ હિંદુ સમાજ અહિંસક છે, એમ કહેવામાં ભાગ્યે જ અતિશયોક્તિ લેખાશે. એક માત્ર જૈન ધર્મમાં અહિંસાનું અણિશુદ્ધ અમલીકરણ થઈ રહ્યું છે. જૈન ધર્મ જીવ માત્રને જીવવાનો અધિકાર આપે છે. બીજી તરફ આપણે ઉપનિષદકાર કહે છે : જીવો જીવસ્ય જીવનમ્. પ્રકૃતિના નિયમને પકડારવાનું અઘરું છે. પણ સંસ્કૃતિ એને કહેવાય જેમાં જીવ માત્ર પ્રત્યે કરુણા ભાવ અને સમભાવ પ્રવર્તતો હોય. કેન્દ્ર સરકાર બીફની નિકાસમાંથી અબજોની કમાણી કરે છે પણ બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત લોકસભાની ચૂંટણી વખતે કોંગ્રેસની તત્કાલીન સરદાર વિરુદ્ધ પિન્ક રિવોલ્યુશન મુદ્દે ભારે ઊહાપોહ મચાવ્યો હતો તે પણ સર્વવિદિત છે. ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં ગેરકાયદેસર કતલખાના પર પ્રતિબંધ મૂકવાનું વચન અપાયું હતું જે યોગી આદિત્યનાથની સરકારે પાળી બતાવ્યું છે. ગૌવંશ રક્ષાનો કાનૂન ગુજરાતમાં પણ કડક બનાવાયો છે. પરંતુ ગૌરક્ષકો દ્વારા કતલખાને લઈ જવાતાં પ્રાણીઓનાં વાહનો અટકાવવાના અને આવા ધંધા સાથે સંકળાયેલા લોકોને માર મારવાના પ્રસંગો ઉત્તરોત્તર વધવા જતા હોઈ કેન્દ્ર સરકાર આ મુદ્દે રક્ષણાત્મક સ્થિતિમાં આવી ગઈ હતી. આવી ઘટનાઓ અટકાવવા માટે કેન્દ્ર સરકારે પર્યાવરણ મંત્રાલય મારફત ઈ.સ. ૧૯૬૦ના પ્રિવેન્શન ઑફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટમાં પોતાના અધિકારની રૂએ કેટલાક નવા નિયમો ઉમેર્યા છે. એ મુજબ કેન્દ્ર સરકારે દેશભરમાં કતલના હેતુથી પશુઓના ખરીદવેચાણ પર પ્રતિબંધ મૂકીને એક સાહસિક પગલું ભર્યું છે. પશઉઓની કતલનો વિષય રાજયોની યાદીમાં આવતો હોઈ આપણા દેશમાં અલગ અલગ રાજયોએ એમની અનુકૂળતા મુજબના નિયમો બનાવેલા છે. બંગાળ અને કેરળ જેવા રાજયોમાં ગૌવધ પર કોઈ જ પ્રતિબંધ નથી. કેન્દ્ર સરાકરે બનાવેલા નવા કાયદાથી એમના અધિકાર પર તરાપ પડી હોય એવું જરૂર લાગી શકે, પરંતુ પશુ સંરક્ષણ કાયદાના આ સુધારાથી પશુ મંડીઓમાં વેચાવા આવતા પશુઓની ફક્ત ખેતીના કામ માટે જ ખરીદી થઈ શકશે અને ખરીદનાર છ મહિના સુધી એણે ખરીદેલા પશુને વેચી નહીં શકે. આથી બારોબાર કસાઈ વાડે ધકેલાતાં પશુઓને જીવનદાન મળશે. જો કે ઊંટે કર્યા ઢેકા તો માણસે કર્યા કાઠડા - એ ન્યાયે માંસના વેપારીઓ તો કોઈ ને કોઈ કીમિયાગીરી કરીને જ જંપશે, એ પણ સમજી શકાય એમ છે. પરંતુ સૈદ્ધાંતિક દૃષ્ટિએ કેન્દ્ર સરકારે પિન્ક રિવોલ્યુશન વિરુદ્ધનું પગલું લઈ જીવદયા ધરાવતી પ્રજાને આસાયેશ જરૂર પહોંચાડી છે. કેરળમાં ખુદ શાસક પક્ષે જ આ કાયદાની ફૂ હાંસી ઉડાવીને આવા બુહમતી વર્ગને ઠેસ પહોંચાડી છે. અર્થકારણની દૃષ્ટિએ કદાચ અસંગત ગણાય છતાં કરુણા અને અહિંસાના આદર્શને અનુરુપ એવા કેન્દ્ર સરકારના આ કાયદાનો વિરોધ કરનારાઓને વિશાળ હિંદુ બહુમતીનો રોષ સાંપડશે એ નક્કી છે. કોંગ્રેસ માટે તો આ પ્રકારના કાર્યક્રમમાં સામેલગીરી આત્મઘાતક જ નીવડશે. ભારતીય જનતા પાર્ટી ગણતરીપૂર્વક એક પછી એક એવાં પગલાં ભરી રહી છે જે આગામી ચૂંટણીઓમાં હિંદુત્વના પ્રચંડ મોજામાં પરિણમવાની સંભવાના છે. રાજકીય દૂરંદેશી અને હેતુપૂર્વકનું પગલું હોવા છતાં વિપક્ષો માટે એનો વિરોધ કરવો ભારે પડી જશે. આગામી દિવસોમાં હજી કેટલાંક વધુ હિંદુત્વલક્ષી પગલાં લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત સહિતની ચૂંટણીઓ ઉપરાંત ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં એમનું પુનરાગમન સુનિશ્ચિત કરવા કૃતસંકલ્પ લાગે છે.

તંત્રીસ્થાનેથી...

ગમતું કામ કરીએ અથવા કામને ગમતું કરીએ

મંદિર મસ્જિદએ આસ્થાનું ધામ છે. એક ગામમાં મંદિરનું બાંધકામ ચાલતુ હતું. કારીગરો મંદિરની દીવાલમાં ગોઠવવાના પથ્થરો તોડી-ફેડીને માપસર કરવાનું કામ કરી રહ્યાં હતાં. ફતાં-ફતાં એક સિધ્ધ પુરુષ ત્યાં પહોંચી ગયા. મંદિરનું બાંધકામ કરનારા મજૂરને તેમણે સવાલ કર્યો : 'તું શું કરી રહ્યો છે?'

પહેલા કારીગરે ચહેરા પર અણગમાના ભાવ સાથે જવાબ આપ્યો ''તમને દેખાતું નથી કે હું આ પથ્થરો ફેડી રહ્યો છું. પેટનો ખાડો પૂરવા માટે મજૂરી કરું છું.''

સિધ્ધ પુરુષે બીજા કારીગરને સવાલ કર્યો, ''ભાઈ, તું શું કરે છે ?''

બીજા કારીગરે શાંતિથી કહ્યું : ''આ બાંધકામની દીવાલો માટે માપસર પથ્થરો બનાવવાનું કામ હું કરી રહ્યો છું.''

આ પછી સિધ્ધ પુરુષે ત્યાં કામ કરી રહેલા ત્રીજા કારીગરને પણ આ જ પ્રશ્ન પૂછ્યો.

ત્રીજા કારીગરે સહેજ હસીને સિધ્ધ પુરુષ સામે જોયું અને પછી શાંતિથી કહ્યું, ''ભાઈ સાહેબ, અહીં મંદિર બની રહ્યું છે અને હું એ મંદિર બનાવવાના કામમાં મદદ કરું છું.''

આપણે આ ત્રણમાંથી કયા પ્રકારના કારીગર છીએ ? મજૂરી તો ત્રણેયને મળવાની છે. ઉપરાંત આપણે બધા મહેનતનો જ રોટલો ખાઈએ છીએ. પરંતુ આનંદ કેટલાને મળે છે? આપણા મસ્તિષ્કમાં વિચારનું વાવાઝોડું ચાલવા માંડે છે.

ગમતું કામ કરીએ અથવા કામને ગમતું કરીએ. જે કંઈપણ કરીએ મન મૂકીને કરીએ. ઉત્તમ રીતે કરીએ. શ્રેષ્ઠતાની કક્ષાએ કરીએ. ત્રીજા કારીગર પાસે કામ કરવાનું ધ્યેય રહેલું છે. ભગવાનનું મંદિર બનાવવામાં મદદ કરવામાં તે ગૌરવ અનુભવે છે. જયારે બીજો કારીગર જીવન ઢસડી રહ્યો છે. સોંપ્યું છે માટે કરવું- પૂરું કરવું—જેમતેમ પૂર્ણવિરામ લાવી દેવું. પહેલો કારીગર મજૂરી કરે છે પથ્થર ફેરે છે. પેટનો ખાડો પૂરે છે. માત્ર ખાવા માટે જીવનારાઓનો આપણે ત્યાં તોટો નથી. કોઈ ધ્યેય સાથે જીવન જીવવામાં આનંદ રહેલો છે. કામ ત્રણેય કારીગરો કરે છે. પરંતુ ત્રણેયના અભિગમ જુદા જુદા છે. જીવનમાં સુખ કે દુ:ખ બધું જ જીવન જીવવાના હકારાત્મક અભિગમ પર આધારિત છે.

માની રસોઈમાં સ્વાદ એટલા માટે છે કે તે પોતાની પ્રિય વ્યકિતઓ માટે બનાવે છે. રસોઈ કોના માટે, તેનો ઉત્તર તેની પાસે છે.

કેટલાક કામની વેઠ ઉતારે છે. તો કેટલાક સેલરી મળે છે માટે કામ કરે છે. તો કેટલાક જીવનનું ધ્યેય સમજીને કામ કરે છે. શું? કેમ ? અને શા માટે? એની જો ખબર પડે તો જીવનમાં મજા ખૂબ પડે.

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

જીવન જીવવાનો હકારાત્મક અભિગમ સફળતાની ટોચે લઈ જાય છે. માત્ર વેઠ ઉતારનારા વેઠિયા તરીકે જ જન્મે છે અને મરે છે. દરેક વસ્તુ,વાત કે વ્યકિતમાંથી સારી બાબત શોધી કાઢવી અને તેને વખાણવી એ બધા માટે શકય નથી. કોઈની ઉત્તમ બાબતને શોધી કાઢી પ્રશંસા કરવા જેવું ઉત્તમ કામ બીજું એકેય નથી. હકારાત્મક અભિગમનું આ એક ઉત્તમ પાસું છે. સુખ અને દુ:ખની પારાશીશી જીવનમાં અપનાવેલાં અભિગમ પર આધારિત છે.

મિસરી

વરસાદ પડે ને ઘાસ સમુ પણ ના ઊગે
રસ્તા પરના ડામર જેવો માણસ છે આ

(કવિ લલિત ત્રિવેદી)

ત્વદીય પાદ પંકજમ્, નમામિ દેવી નર્મદે!

પ્રવાસ - એટલે પોતાની સાથે સહવાસ... આ વખતે ભારત કા દિલ - મધ્યપ્રદેશની સફર ખેડવાની તક સાંપડી. કાનહા નેશનલ પાર્ક, જબલપુર, પચમંઠી (પંચમઢી નથી) ભેડાઘાટ જેવા સ્થળોએ શ્વસવાનો લ્હાવો મળ્યો.

પ્રકૃતિની પાસે જવું એટલે સ્વયં ભણીની જાત્રા. પર્યાવરણ કુદરતની સામીપ્ય વધે એટલે સંવેદનશીલતા પણ વધે જ તે વાતમાં મીનમેખ નથી...

પંચમહાભૂતથી બનેલા આપણા શરીરને જયારે તેમાના કોઈ એક તત્વ સાથે મેળાપ કરાવીએ ત્યારે કોઈ અદમ્ય નિરાંતનો અહેસાસ થયા વગર રહેતો નથી.

નદી, જંગલ, પર્વતો - આ બધા કુદરતી ખજાનાથી ભરપૂર એવા મધ્ય પ્રદેશમાં આ વખતે જબલપુરથી સફરથી શરુઆત કરી. ભારતીય લશ્કર માટેની ગન ફેકટરી કે હથિયાર બનાવતુ હબ એટલે જબલપુર, એક સમયે જબલપુર જ મધ્યપ્રદેશનું પાટનગર હતું. પરંતુ લશ્કરી કામકાજની ગોપનીયતા બરકરાર રાખવાના હેતુસર કદાચ ભોપાલને રાજધાની તરીકે પસંદગી મળી હોવી જોઈએ...

જબલપુરથી ૨૦-૨૨ કિ.મી. દૂર 'ભેડાઘાટ' આવ્યો છે... પહેલા આ તાંત્રીક પીઠ કહેવાતી હતી. તે ભૈરવઘાટી તરીકે ઓળખાતો પ્રદેશ હતો... એવું કહેવાય છે કે ભૃગુ ઋષિએ શંકરને પ્રસન્ન કરવા માટે પોતાના દેહનો ત્યાગ અહીં કર્યો હતો...

ધુવાદાર ફોલ્સ અને ભેડાઘાટમાં નૌકાવિહાર અદ્‌ભૂત અકલ્પનીય અવર્ણનીય કુદરતી સૌંદર્ય... મા નર્મદાની આવી મૂરત નિહાળવી એ નસીબની વાત છે.

ધુવાધાર ધોધ (મિનિ નાયગ્રા) ધોધનું પાણી નીચે પડે ત્યારે જાણે દૂધનો મહાસાગર બની જાય... ક્ષણિક આનંદ પ્રાપ્તિ માટે આપણે ભોગવિલાસ તરફ મીટ માંડીને રીતસર હવામાં બાચડા ભરતા હોઈએ તેમ આલીશાન ઈમારતોમાં મોંઘાદાટ મલ્ટી પ્લેક્સ, ગેમઝોન બનાવ્યા, પરંતુ શાશ્વત, અમૂલ્ય અને નિર્ભેળ આનંદ અર્પતા કુદરત પ્રત્યે આપણે ઉદાસીન થતા ગયા.

ધૂવાધારનું ધોધમાર પાણી નીચે પડીને જાણે અમૂલ ડેરીનું દૂધ વહાવતું નજરે ચડે છે... અદ્‌ભૂત સ્થળ...

ત્યાંથી માત્ર બે કિલોમીટર દૂર પંચવટી પર આરસના ખડકો (પર્વતો) વચ્ચેથી રેવા પર નૌકાવિહારની મજા લેવાની... નીકળતી.

હીંગલોક પીળાશ પડતા આરસ, સફેદ આરસ, સ્લેટ જેમાથી બને છે તેવા શ્યામ આરસ વચ્ચેથી માર્ગ કરતી રેવાને નિહાળીને કોઈ નાસ્તિક પણ ભગવાનની આ દેન પર વારી જાય તેવો માહોલ સર્જાય છે.

નૌકાવિહાર સાથે ગાઈડની કોમેડી કોમેન્ટ્રી સાથે માહિતી આપવાની સ્ટાઈલ ... અઢળક ફિલ્મોના શુટીંગ અહીં થઈ ગયા છે...

'આવારા' ફિલ્મનું 'દમભર જો ઉધર તું દેખે' ગીત હોય કે, 'અશોકા'નું, 'રાત કા નશા અભી' ગીત કે પછી 'મહોં જો દારો' માં રિતીકની એન્ટ્રી વાતો સીન હોય, આવી તો અનેક ફિલ્મોના શૂટીંગ અહીં થયા છે... આ જગ્યાએ એક સમયે 'બંદર કૂદ' પણ કહેવાતી હતી, કારણ કે એક પર્વતથી બીજા પર્વત વચ્ચેની સાંકડી જગ્યાને વાંદરાઓ આસાનીથી કૂદી જતા હતા... પરંતુ કાળક્રમે હવે પર્વતોની વચ્ચેની જગ્યા વધી ગઈ છે... અને હવે કોઈ બંદર અહીંથી કૂદીને આપઘાત કરવાની હિંમત કરતો નથી...

નૌકાવિહાર કરતા જ અમને ઊંચે પર્વતોની ટોચ પર દસ-બાર વર્ષના ચડ્ડીમાત્ર પહેરેલા દેણતી છોકરાઓનો અવાજ સંભળાયો - 'બાપુજી ૫૦/ - રૂપિયે દે દો હમ કૂદ કે છલાંગ લગાકે આપકી નાવ સે પૈસા લે જાયેંગે.'

અમે ચોંકી ગયા. નદીની ઊંડાઈ લગભગ ૨૦૦ મીટરથી વધુ હતી અને પર્વતની ઊંચાઈ ઓછામાં ઓછી ત્રીસ-ચાલીસ ફૂટ જેટલી... અને છતાં પેલા બાળકો ૫૦/- રૂપિયા માટે જીવ સટોસટનો ખેલ કરવા તૈયાર હતા...

વિચારયાત્રા
ડો. જય ઓઝા

અમે હજી આ બધો વિચાર કરતા હતા ત્યાં જ કોઈ બીજી બોટ વાળાએ ૫૦/- રૂપિયાની ઑફર સ્વીકારી કે તરત જ તેમાંથી એક બાળક ખૂબ જ સહજતાથી કૂદી પડ્યો... અને તરતા તરતા પેલા બોટવાળા પાસેથી ૫૦/- રૂપિયા લઈને વળી પર્વતો પર ચડી ગયો... કુદરતને માણવાનો આનંદ ખટ્ટો થઈ ગયો... આવી દારુણ પરિસ્થિતિ ?

ખેર! સાથે સાથે 'સ્વચ્છ ભારત' અભિયાન ચલાવતા આપણા દેશની વરવી વાસ્તવિકતા રૂપી વેફરના પેકેટ, પ્લાસ્ટીકની બોટલને પણ નર્મદાના સ્વચ્છ પાણીમાં વહેતી જોઈને ચચરાટી થઈ...

પંચવટી અને ધુવાધારની વચ્ચે 'ચોસઠ યોગીની મંદિર' આવે છે... જેને દસમી સદીમા કલચુકીના રાજાઓએ બનાવ્યું હતું... ચોસઠ યોગીનીઓની ક્ષત-વિક્ષિત મૂર્તિઓ વર્તુળાકારે અને પટાંગણમાં વચ્ચે શિવ-પાર્વતી નંદિ પર બિરાજમાન છે તેવી મૂર્તિવાળું મંદિર... પ્રાચીન ઘાટ અને બેનમૂન શિલ્પથી મંદિર નયનરમ્ય બની જાય છે...

જબલપુરથી ૩૦ કિ.મી. દૂર 'બારગી ડેમ' છે... મધ્યપ્રદેશનો લાંબામાં લાંબો ડે છે... જે જલબપુરથી 'માંડલા' સુધી વિસ્તરાયેલો છે... આ ડેમની અફાટ જળરાશિ પર મધ્યપ્રદેશ ટૂરિઝમ દ્વારા 'ક્રૂઝ' ની વ્યવસ્થા કરવામાં આવી છે... આ સ્થળ પર અફલાતૂન છે...

અને 'ગ્વારી ઘાટ'ની આરતી... જલબપુરથી માંડ દસેક કિ.મી. દૂર આ ઘાટ પર રોજ સાંજે સાત વાગે મા નર્મદાની આરતી કરવામાં આવે છે... કોઈ પણ ટૂરિઝમનાં બ્રોશરમાં કે મધ્યપ્રદેશના વિકીપીડિયામાં આ અદ્‌ભૂત, મનહર આરતી વિશેની કોઈ માહિતી આપવામાં આવી નથી. નર્મદા નદીના સામા કિનારે ગુરુદ્વારા છે. જેની શોભા રાત્રે કાંઈક અલગ જ હોય છે... પરંતુ હૃદય ડોલાવી દેતી કોઈ સરગમ હોય તો તે નર્મદાષ્ટક સાથે નર્મદા મૈયાની આરતી છે.. પાંચ પૂજારીઓ દ્વારા ઘાટના કિનારે નાના નાના પાંચ મંચ ઉપર ચડીને આરતી કરતા જોવા એ નસીબની વાત છે... અત્યારે પણ એ દૃશ્ય આંખ સામે તરવરે છે...

(આ ઘાટ પર 'સ્વચ્છ ભારત' લખેલી એક નાવ ફરતી હતી, કે જે બોટ નદીમાં વહેતા દીવા, ફુલ, પાંજડા વગેરેને વીણી વીણીને નાવમાં ભેગું કરવાનું પ્રશંસનીય કાર્ય કરતા હતા. તો વળી આરતીના અંતે દરેક શ્રદ્ધાળુ પાસે રોજ સંકલ્પ કરાવવામાં આવે છે કે - 'અમે કયારેય હવે પછી મા નર્મદામાં ગંદકી નહીં કરીએ.' ધર્મ સાથે સમાજને જોડવાનું અનુકરણી કાર્ય અહીં થાય છે જે આનંદપ્રદ છે.)

જો... મા નર્મદાની વાત જ ન્યારી છે... ભલભલા અમૃતલાલ વેગડ બની જાય તો મારી શી વિસાત...

(આવતાં અંકમાં કાન્હા-પચમઢીની સફરે)

- jayuoza@gmail.com,
Mo. 9898046488

આ ધરોહરને અમે આગળ વધારી...

'અરે મોતીકાકા કેમ દેખાતા નથી, કયાં ગયાં?' બેન્ડ વગાડી રહેલા વાદકો તરફ જોઈને શહેરના જાણીતા એડવોકેટ અને જાગૃતજન સંસ્થાના સ્થાપક અશોક દામાણીએ પુછ્યું તો જવાબ મળ્યો કે... 'સાહેબ, અહીં જે વગાડે છે તે બધ્ધા જ મોતીકાકા તો છે !!!'

અવસર હતો ગુજરાતના જાણીતા બિઝનેસ ગ્રુપ ગાંધી કોર્પોરેશન દ્વારા આયોજિત 'વેકેશન-૨૦૧૭'ના ઉદ્‌ઘાટનનો. ગાંધી પરિવારના હેમુ ગાંધી પુત્ર અમલ ગાંધી, પુત્રવધુ શ્રીમતી સલોની અમલ ગાંધી અને યુવાનપુત્ર અમલ ગાંધીના માર્ગદર્શન અને આયોજન હેઠલ વેકેશન-૨૦૧૭નું શાનદાન આયોજન કરાયું હતું. સાતત્યપૂર્ણ રીતે યોજાયેલા ૨૦ વર્ષની યાત્રા પુરી કરીને આ આયોજન એકવીસમા વર્ષમાં પ્રવેશ્યું છે. અમદાવાદમાં રહેતા અને આસપાસથી વેકેશનમાં અમદાવાદ આવતા પરિવારો અને તેમના બાળકો માટે મનોરંજન તથા માહિતીનું અદ્‌ભૂત નજરાણું બની રહેલા વેકેશનમાં દર વર્ષે ભારતના અને વિશ્વના જાણીતા સ્થળો તથા પ્રવાસન સ્થળોની પ્રતિકૃતિ થીમ આધારિત થાય છે. લંડન બ્રિજ, વેનીસ, એફિસ ટાવર, ભારતની સંસદ જેવી અનેક થીમ બાદ આ વર્ષે દુબઈથી થીમ પ્રયોજવામાં આવી છે. ૧૧ દિવસમાં ૮-૯ લાખ વ્યક્તિઓ તેની મુલાકાત લે છે અને આનંદ મેળવે છે. બાળકોમાં રહેલી વૈવિધ્યપૂર્ણ કલાને પ્રોત્સાહન આપવા અહીં રોજ વિશાળ સ્ટેજ પર કોમ્પીટીશન થાય છે અને તેમને વિધવિધ ક્ષેત્રના મહાનુભાવો દ્વારા પુરસ્કૃત કરાય છે.

વરસોથી આ આયોજનમાં હિન્દ જીઆ બેન્ડ દર્શકોના આગમનને મધુર સુરોથી સજાવે છે. અમદાવાદના માણેકચોક અને સી.જી.રોડ. વિસ્તારમાં ઑફીસ ધરાવતા આ બેન્ડની સ્થાપના સમયના કાર્યકાળને યાદ કરતા રીમા બહેન કહે છે, ૧૯૩૬માં મારા દાદા જીઆલાલ થડાનીએ આ બેન્ડની સ્થાપના કરી હતી. એ પછી અમારો પરિવાર ૧૯૪૦માં અમદાવાદ સ્થાયી થયો. એમના ત્રણે પુત્રોએ અમદાવાદ-જયપુર - દિલ્હીમાં એ જ જોમ-જુસ્સો અને સમર્પણથી જીઆ બેન્ડના કાર્યક્ષેત્રનો વિસ્તાર કર્યો. બ્રાસ બેન્ડને નવી ઓળખ આપી.

અમદાવાદમાં જીઆ બેન્ડ કોઈ શુભ અવસરે પરફોર્મ કરે એ ગૌરવની ઘટના ગણાય છે. અમદાવાદમાં કાર્યભાર સંભાળનાર મોતીલાલજી પોતે ખુબ સારા અકોર્ડીયન પ્લેયર હતા. એમની સંગીતની સુઝ અને સમર્પણના કારણે તથા માનવીય અભિગમના લીધે જીઆ બેન્ડ માત્ર એક કંપની ન બની રહેતા એક પરિવાર બની રહ્યો. અંદાજે ૩૦૦ જેટલા લોકો જીઆ બેન્ડ સાથે જોડાયેલા છે અને એમાંના કેટલાયે ૩૫-૪૦ વર્ષોથી સતત સાથે રહ્યા છે. આમ ૩૦૦ જેટલા પરિવારો માટે જીઆ બેન્ડ રોજગારીનું ગૌરવપૂર્ણ માધ્યમ બની રહ્યું છે. મોતીલાલજીના દીકરા લંડનમાં રહે છે. કાર્યને - તેના સ્ટાફના પ્રશ્નોને - કામગીરીને બરાબર સમજી લીધા એ પછી જ મોતીલાલજીએ દીકરીને બેન્ડનું કામ સોંપ્યું.રીમા બહેન પિતાજીના સ્મરણો યાદ કરતા કહે છે કે પિતાજીએ ગ્રાસ રૂટ લેવટે કામ કર્યું એમણે મને કહ્યું હતું કે રાજા અથવા પ્રજા બેમાંથી એક પસંદ કરો - પ્રજાને રોજી રાખવાની જવાબદારી સ્વીકારી તો એને ઉપાય આપજો... આજે એમના આશીર્વાદથી ૮૧ વર્ષ જૂની આ કંપનીને - ધરોહરને અમે આગળ વધારી રહ્યા છીએ એનો આનંદ છે. આ ક્ષેત્રમાં કામ કરનાર એક માત્ર દીકરી રીમાને જીઆ બેન્ડનું કાર્ય સંભાળવાનું અપાર ગૌરવ છે. લગ્નના અવસરે પ્રિ અને પોસ્ટ વેડીંગ હોયકે વરરાજાનો વરઘોડો હોય, રાજય સરકારના કાર્યક્રમો હોય કે ધાર્મિક - સામાજિક કાર્યક્રમો હોય... જીઆ બેન્ડ સૂરથી વાતાવરણને ઉલ્લાસમય બનાવી દે છે.



અજવાળું - અજવાળું
તુષાર જોશી

ઘટના એવી હતી જ નહિ કે એના પર ધ્યાન જાય... એક નાનકડો સંવાદ કાને પડ્યો અને એમાંથી સમર્પણની - સંગીતની નોખી-અનોખી વાત મળી...

બ્રાસ બેન્ડની એક કંપની આઠ દાયકા સતત ચાલે એ જ એક મોટી ઘટના... બીજી ઘટના એ કે કંપનીના માલિકો સાથે કામ કરનારાને પરિવારના સભ્યો માનીને તેમનું ધ્યાન રાખે... ત્રીજી વળી એ કે એક દીકરી આજે આ બ્રાસ બેન્ડની સમગ્ર વ્યવસ્થા સંભાળે... સ્ત્રી સશક્તિકરણનો મહિમા જીવંત થાય...

એક વ્યક્તિના નહિ - ત્રણ પેઢીના લોકો એક સમાન પદ્ધતિથી કામ કરે - જીવનના મૂલ્યોને વધુ સંવર્ધિત કરે... એક વ્યક્તિ ન રહે પણ એંકરની સાથેના કામ કરનારા જાણે એમનું જ સ્વરુપ છે એવી ભાવના વ્યક્ત કરે ત્યારે સૂરોના દીવડા પ્રગટે છે અને એના અજવાળા રેલાય છે...

મેં જહાં રહું
મેં કહીં ભી રહું
તેરી યાદ સાથ હૈ...